# હવે, શહેરમાં પ્રતિકાત્મક રથયાત્રા

**મંદિરના એક ગેટ પરથી રથયાત્રા પ્રસ્થાન કરશે બીજા ગેટ પરથી પરત ફરશે : શહેરમાં વિશાળ રોડ નેટવર્ક અને ગીચતા ન હોવાની સાથે રૂટ પણ ટુંકાવી દેવાની સંમત્તિ છતા રથયાત્રાના આયોજન માટે મંજુરી ન મળતા ભાવિકો આગ બબુલા : ભકતોના મન દુભાયા : ફુલશંકર શાસ્ત્રી**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં રથયાત્રા મહોત્સવને મંજુરી નહીં મળતા ભાકતોના મન દુભાયા છે. ગત વર્ષની જેમ પ્રતિકાત્મક રથયાત્રાનુ આયોજન કરાશે. એકબાજુ વેપાર ધંધા અને રાજકીય મેળાવડા બેરોકટોક ચાલી રહ્યા છે અમદાવાદમાં રથયાત્રાને મંજુરી આપવામાં આવી છે. ત્યારે ગાંધીનગરનુ રોડ નેટવર્ક પણ વિશાળ છે અને ગીચતા પણ નથી આ ફેવરેબલ સ્થિતિ વચ્ચે રથયાત્રાનો રૂટ પણ ટુંકાવી દેવાયો હતો આમછતા રથયાત્રાના આયોજન માટે મંજુરી આપવામાં ન આવતા ભાવિકોમાં પ્રબલ રોષ પ્રવર્તયો છે. બીજીતરફ મંજુરી નહીં આપવામાં આવે તો પણ રથયાત્રાનુ આયોજન કરવામાં આવશે તેવી જાહેરાતના અંતે સમિતિ પણ પાણીમાં બેસી ગઈ છે.

ગાંધીનગરમાં આખરે રથયાત્રા મહોત્સવના આયોજન અંગે મંજુરી નહીં અપાતા રથયાત્રા સમિતિએ સે-૨૨ પંચદેવ મંદિરમાં પ્રતિકાત્મક રથયાત્રા યોજવામાં આવશે. મંદિરના એક ગેટ પરથી રથયાત્રા નિકળીને બીજા ગેટમાંથી મંદિર પરિસરમાં રથયાત્રા પરત ફરશે. ગત વર્ષ દરમિયાન પણ કોરોનાના લીધે પ્રતિકાત્મક રથયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ત્યારે આ વર્ષે પણ ભગવાન જગન્નાથજીનો રથ નગરચર્યા માટે નિકળશે નહીં. એકબાજુ અમદાવાદમાં કરફયુના અમલ સાથે રથયાત્રા મહોત્સવનુ આયોજન કરવામાં આવશે. જેના લીધે ભાવિકોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. ત્યારે ગાંધીનગરમાં ખુલ્લા અને પહોળા માર્ગોનુ રોડનેટવર્ક હોવાછતા સરકારના નિયમોના પાલન સાથે પણ રથયાત્રા માટે મંજુરી આપવામાં આવી ન હોવાથી ભાવિકોની લાગણી દુભાઈ છે. રથયાત્રા માટે મંજુરી નહીં અપાતા નગરજનોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. રથયાત્રા સમિતિએ અગાઉ મંજુરી નહીં આપવામાં આવે તો પણ રથયાત્રા યોજવામાં આવશે તેવી જાહેરાત પણ કરી હતી. પરંતુ સમિતિ પણ પાણીમાં બેસી જતા હવે રથયાત્રા મંદિર પરિસર પુરતી જ સિમિત રહેશે.



## રાજકીય મેળાવડામાં ભીડ જામે પરંતુ રથયાત્રા માટે મંજુરી નહીં : ફુલશંકર શાસ્ત્રીજી

રથયાત્રા સમિતિના અધ્યક્ષ અને પંચદેવ મંદિરના ધર્માચાર્યા ફુલશંકર શાસ્ત્રીજીએ જણાંવ્યા મુજબ કોરોના કાળમાં એકબાજુ શોપિંગ બજાર ધમધમી રહ્યા છે. રાજકીય મેળાવડા થાય છે ત્યારે રથયાત્રાના આયોજન માટે મંજુરી નહીં અપાતા ભકતોના મન દુભાયા છે. રાજકીય મેળાવડામાં છાશવારે ભીડ ભેગી થતી હોય છે પરંતુ રથયાત્રાના આયોજન માટે કોઈ મંજુરી નહીં અપાતા ભાવિકો નિરાશ થયા છે. આ મામલે પોલીસતંત્ર સાથે પણ બે થી ત્રણ વાર બેઠક થઈ છે. રથયાત્રાના ૩૧ કી મીના રૂટના બદલે ૬.૫ કી મીનો રૂટ કરી ફેરફાર સાથે ભગવાનની યાત્રાનુ આયોજન કરાયુ હતુ. શહેરમાં વી વી આઈ પી નેતાઓની પણ અવરજવર રહે છે.



જયારે પોલીસ બન્દોબસ્ત પણ તેમાં રોકાયેલા રહેવાનો હોવાથી આ સ્થિતિ વચ્ચે રથયાત્રાનુ આયોજન કરવુ મુશ્કેલ મનાઈ રહ્યુ હોવાનુ કારણ પણ ચર્ચા સ્થાને છે. અલબત્ત રથયાત્રા માટે પોલીસ બન્દોબસ્તની ઉપલબ્ધિનો પ્રશ્ન પણ હોવાનુ મનાઈ રહ્યુ છે. ખેર કારણ જે હોય તે પણ અમદાવાદ સહીતના શહેરોમાં રથયાત્રાના આયોજન માટે મંજુરી આપવામાં આવી છે. જયારે આ માટે કરફયુ જાહેર કરી દેવાયો છે. જે આવકારદાયક છે. પરંતુ ગાંધીનગરમાં જયાં એટલી ગીચતા ન હોવાની સાથે ભીડ થવાનો પણ અવકાશ ન હોવા છતા રથયાત્રાને રૂટ ટુંકાવીને પણ આયોજન માટે મંજુરી ન મળતા ભાવિકો અને શહેરીજનો આગ બબુલા બન્યા છે.

## શહેરમાં વરસાદની ગેરહાજરી વચ્ચે ગરમીનો પારો ઉંચકાયો

**વરસાદ અદ્રશ્ય શહેરીજનો આકરી ગરમી અને બફારાથી ત્રસ્ત : મહત્તમ તાપમાન બે દિવસમાં બે ડીગ્રી ઉંચકાયુ : સાંજે વાદળિયુ વાતાવરણ સર્જાયુ પરંતુ વરસાદ ન વરસ્યો**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં વરસાદની ગેરહાજરી વચ્ચે ઉનાળા જેવી ગરમી અનુભવતા નગરજનો આકરા તાપથી પણ ત્રસ્ત બન્યા છે. છેલ્લા બે દિવસમાં ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો છે. જેના લીધે મહત્તમ તાપમાન પણ ૪૦ ડીગ્રીની નજીક પહોંચી ગયુ છે. જયારે વરસાદ વિલંબમાં પડતા આકરી ગરમી અને બફારાથી શહેરીજનો બેચેન બન્યા છે. આજે પણ સાંજના સમયે વાદળિયા વાતાવરણના અંતે વરસાદ હાથતાળી આપી ગયો હતો.

ગાંધીનગરથી મેહુલિયો ઘણાં સમયથી રીસાયેલો છે. વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનો ગરમી અને ઉકળાટથી અકળાઈ રહ્યા છે. છેલ્લા ઘણાં સમયથી વરસાદ અદ્રશ્ય થઈ ગયો છે. પ્રિમોન્સુન એકટીવીટી દરમિયાન શહેરમાં હળવા ભારે વરસાદી ઝાપટા વરસતા ભીંજારાની મોસમ જામી હતી જેના લીધે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. પરંતુ જુલાઈના મધ્ય સુધી હજુ વરસાદના વાવડ નથી જેના લીધે રોજબરોજ પરેસેવે ભીંજાતા નગરજનો મેઘરાજા મહેર કરે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. શહેરમાં વરસાદની ગેરહાજરીમાં છેલ્લા કેટલાક સમયથી આકરી ગરમીએ માથુ ઉંચક્યુ છે. એકબાજુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા બફારો પણ વધ્યો છે. દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટથી નગરજનો ત્રાહીમામ છે. ત્યારે વરસાદની કાગડોળે વાટ જોવાઈ રહી છે. વરસાદ વિલંબમાં પડતા મહત્તમ તાપમાન પણ છેલ્લા બે ચાર દિવસથી ઉંચકાયુ છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૮.૮ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે દિવસ દરમિયાન શહેરીજનોએ આકરો તાપ અનુભવ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૪૯ થી ૭૬ ટકા નોંધાયુ હતુ. વરસાદના અભાવ વચ્ચે ગરમીનો પારો પણ ઉંચકાઈ રહ્યો છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૩૭ ડીગ્રી હતુ જયારે ટુંકા સમયમાં જ ગરમીનો પારો બે ડીગ્રી ઉપર આવ્યો છે. જેના લીધે દિનપ્રતિદિન ગરમી વધી રહી છે. બીજીતરફ ભેજની અસરના લીધે ઉકળાટ પણ અનુભવાય છે. આકરી ગરમી અને બફારાથી ત્રસ્ત નગરજનો હવે ઝડપથી વરસાદ વરસે તેની વાટ જોઈ રહ્યા છે. હાલ આકારા ઉકળાટના લીધે નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. આજે સાંજે પણ વાતાવરણમાં અચાનક પલ્ટો જોવા મળ્યો હતો. થોડીવાર માટે વરસાદી વાદળો આકાશમાં ઘેરાયા હતા પરંતુ વાદળિયા વાતાવરણના અંતે પણ મેઘમહેર ન થતા વરસાદની આશ ઠગારી નિવડી હતી.

## કોરોનાનો આજે એક પણ કેસ ન નોંધાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો ન હોવાથી તંત્રએ રાહતનો દમ લીધો છે.

શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. ૧૫ દિવસમાં બીજીવાર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં એક પણ કેસ નોંધાયો નથી.

શહેરમાં છેલ્લા ૧૦ દિવસમાં ૬ દિવસ કોઈ કેસ ન આવતા ભારે હળવાશ અનુભવાઈ હતી. હજુ કોવીડ ગાઈડલાઈનના પાલન માટે આગ્રહ રાખવો પડે એમ છે.

## રેડિયોલોજી વિભાગની મુલાકાત લઈ અગ્રવાલે સૌને ચોંકાવી દીધા...

**રેડિયોલોજીમાં હવે પાણી લિકેજીસના પ્રશ્નો નથી ને ? નોન-કોવિડની કામગીરી વિશે પણ જાણકારી મેળવી ઓક્સિજન પ્લાન્ટની મુલાકાત લીધી**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના રેડિયોલોજી ડિપાર્ટમેન્ટની આરોગ્ય વિભાગના અગ્ર સચિવ મનોજ અગ્રવાલે મુલાકાત લીધી હતી.

આરોગ્ય વિભાગનો ચાર્જ સંભાળ્યા પછી ગાંધીનગર સિવિલ હોસ્પિટલની તેમણે બીજીવાર મુલાકાત લીધી છે. આજે તેમણે રેડિયોલોજી ડિપાર્ટમેન્ટની મુલાકાત લીધી હતી તેમજ સીટી સ્કેન મશીન કાર્યરત છે કે નહિ તે વિશે પણ વિગતો મેળવી હતી.


રેડિયોલોજી ડિપાર્ટમેન્ટમાં પાણી લિકેજીસની ફરિયાદોને લઈ પણ તેમણે પૃચ્છા કરી હતી. તેમણે સિવિલમાં નોન-કોવિડની કામગીરી અંગે પણ વિગતો મેળવી હતી. કલોલના કેટલા દર્દીઓને દાખલ કરવામાં આવ્યા તેમની હાલ શુ સ્થિતિ છે તે પણ વિગતો મેળવી હતી.

અગ્રવાલે સોમવારે કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે ઓક્સિજન

● અનુસંધાન પાન-૭ પર



## જિલ્લામાં ૭૭૫૮નું વેક્સિનેશન કરાયું



ગાંધીનગર, તા. ૧૦

ત્રણ દિવસના વિરામ બાદ આજથી પુનઃ આરંભાયેલા વેક્સિનેશન અભિયાનમાં ૭૭૫૮ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

ગ્રામ્ય વિસ્તારમાં ૪૮૩૮ લોકોને અને શહેરમાં ૨૯૨૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. આજે રજાનો દિવસ હોવાથી લોકોનો ધસારો થોડોક ઓછો રહ્યો હતો પરંતુ સોમવારથી પુનઃ વેક્સિનેશન અભિયાનમાં ગતિ આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૫ જેટલા સ્થાનો પર વેક્સિનેશન અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. આજે પણ ૧૮+ થી વધુ આયુ જૂથના લોકોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં ૪૦ જેટલા સ્થાનોએ વેક્સિનેશન અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં પણ યુવા વર્ગે વધુ રસ દાખવ્યો હતો.

બુધ-ગુરૂ અને શુક્રવારના રોજ જિલ્લામાં વેક્સિનેશન અભિયાન સરકારની સૂચનાઓને પગલે બંધ રખાયુ હતુ. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬ લાખથી વધુ લોકોને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ અપાયો છે અને ૨ લાખ જેટલા લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે જે નોંધનીય છે.

## કલોલમાં વર્ષો જુની પાઈપલાઈનો બદલવાની કામગીરી સત્વરે હાથ ધરવા અનુરોધ

**ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં પાણીજન્ય રોગચાળાની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી, આજે વધુ ૩૬ કેસ : ૧૪ને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૧૦

કલોલ શહેરમાં વર્ષો જુની પાણીની પાઈપલાઈનો બદલવા માટે જિલ્લા કલેક્ટર અને નગરપાલિકાનું તંત્ર સુયોગ્ય સંકલનમાં રહી આગળ વધે તે જરૂરી હોવાનું રાજ્યના અગ્ર સચિવ આરોગ્ય મનોજ અગ્રવાલે જણાવ્યુ હતુ.

કલોલમાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિ અંગે આજે ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે આરોગ્ય સચિવે ઉચ્ચસ્તરીય સમીક્ષા હાથ ધરી હતી. તેમણે તંત્ર દ્વારા લેવાયેલા પગલાંઓ અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી નગરપાલિકાને પાણીજન્ય રોગચાળા માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે સઘન અભિયાન યોજવા પણ જણાવ્યુ હતુ.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવે કલોલ શહેરમાં પાણીની પાઈપલાઈનો જુની થઈ છે તે બદલવા તેમજ ગટરલાઈનોની સફાઈ પણ યોગ્ય રીતે ઝડપથી થાય તે જોવા જણાવ્યુ હતુ. તેમણે હમણાં જે દર્દીઓ નોંધાયા છે તેઓ સંપૂર્ણ સ્વસ્થ ન થાય ત્યાં સુધી આરોગ્યતંત્રને પણ ફોલો-અપ કરવા કહ્યુ હતુ.





તેમણે પેયજળ ટેન્કરથી આપવાનો અભિગમ ચાલુ રાખવા અને વધુ થાળે ના પડે ત્યાં સુધી ગૃહ વપરાશનું પાણી અલગથી આપવાનુ જ ચાલુ રાખવાનો આગ્રહ કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે કલોલની સ્થિતિ અંગે સરકારના અધિકારીઓ સાથે વાતચીત પછી આજે આરોગ્ય સચિવે પણ આ સમીક્ષા બેઠક યોજી હતી.

આ સમીક્ષા બેઠકમાં અધિક નિયામક ડૉ. દિનકર રાવલ, એપેડેમીકના નિયામક તેમજ જિલ્લા કલેકટર, મેડીકલ કોલેજના ડીન, જિલ્લાના આરોગ્યના અધિકારીઓ અને નગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દરમ્યાન પાણીજન્ય રોગચાળાને પગલે લાંબાગાળાના પગલાંઓ અને સમીક્ષા માટે રાજ્ય સરકારની એક ટીમ પણ આજે કલોલ પહોંચી હતી અને તેણે અસરગ્રસ્ત વિસ્તાર ઉપરાંત શહેરના અન્ય વિસ્તારોમાં સર્વે કર્યો હતો. આ ટીમ હવે બે-ત્રણ દિવસમાં તેનો અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરશે તેમ જાણવા મળેલ છે.

## ધોળાકુવામાં સામાન્ય પાણીજન્ય રોગચાળો જણાતાં તંત્રએ હાશ અનુભવી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના ધોળાકુવામાં સાદો પાણીજન્ય રોગચાળો હોવાની સ્થિતિ સ્પષ્ટ થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે. તંત્રએ કોલેરાની શંકાને ધ્યાને રાખી સ્ટૂલ સેમ્પલ ચકાસણી માટે મોકલ્યા હતા જેનો આજે રિપોર્ટ નેગેટીવ આવ્યો છે.

દરમ્યાન ધોળાકુવામાં આજે પણ ૧૬ જેટલા નવા કેસ ઝાડા-ઉલ્ટીના મળી આવ્યા હતા. જોકે તંત્રએ સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કર્યો છે.

તંત્રની ૧૫ જેટલી ટીમો દ્વારા આજે પણ ગામમાં સર્વેલન્સની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. માતાના મંદિર ખાતે શરૂ કરાયેલ ખાસ ઓ.પી.ડી.માં આજે ૪૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

તંત્ર દ્વારા આજે ૨૦૦ જેટલા ઓ.આર.એસ.ના પેકેટ્સ તેમજ ૧૫૦૦ કલોરીનની ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. તંત્રની ટીમોએ આજે ૭૮૦ ઘરો તેમજ ૩૮૪૬ લોકોને સર્વેલન્સમાં આવરી લીધા હતા.

ઝાડા-ઉલ્ટીના કેસમાં એક પણ દર્દીને હોસ્પિટલમાં ખસેડવામાં નહિ આવ્યા હોવાનું જણાવતાં તંત્રના સૂત્રોએ કહ્યુ છે કે તમામ દર્દીને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

દુકાન વેચવાની છે
Cornerની, ભોંયતળિયે, 525 Sq.ft. પાછળ 100 Sq.ft. અંગત ખુલ્લી જગ્યા સાથે.
બે શટર એક પાછળનો દરવાજો
૮૦ મીટર રોડ ટચ, PDPU GiftCity Road, રાયસણ, ગાંધીનગર
M. 9427314286

જોઈએ છે
લેડીઝ જીમ ટ્રેનર સર્ટીફાઈડ ગાંધીનગર માટે
મો. ૯૦૯૯૯૪૦૦૪૪

પ્લોટ વેચવાનો છે
ગાંધીનગર –મહુડી રોડ, સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક અને અલુવા હિલ્સ નજીક આવેલ બંસરી ગ્રીનમાં પ્લોટ નંબર- ૧૨, ૮૧૨ સ્કવેર યાર્ડ પ્લોટ વેચવાનો છે.
સંપર્ક નંબર : 98253 06605

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com